# આપણું રક્ષાકવચ



આપણે જન્મદિને કે દિવાળી જેવા શુભ પર્વે કે અન્ય કોઇ વાર-તહેવારે- પ્રસંગે માતા- પિતા, વડીલો, સંતો, ગુરુના આશીર્વાદ લઈએ છીએ. આશીર્વાદ લેવા સામે જઈએ છીએ. વાંકા વળીને કે ઘૂંટણભેર પડીને તેમના ચરણમાં મસ્તક નમાવી આપણે પગે લાગીએ છીએ. તેઓ તેમનો વરદ હસ્ત આપણા શિરે ફેરવે છે, ધરે છે અને આપણા મસ્તકે આપણા સમસ્ત અસ્તિત્વ ફરતે, તેમના આશીર્વાદની છત્રછાયા સર્જાય છે. કયારેક તેઓ સ્વયં તેમના શ્રીમુખે આશીર્વાદ છે એમ ઉચ્ચારે છે ત્યારે આશીર્વાદ એટલે શું તેનું ચિંતન કરવા મન પ્રેરાય છે, જે અત્રે રજૂ કરવા પ્રેરાયો છું. આશીર્વાદ એટલે કલ્યાણની ભાવના, જીવનનૈયાનું સુકાન માતા-પિતા, વડીલો, ગુરુ પોતાનાં સંતાનોનું હંમેશા શુભ- કલ્યાણ થાય, શરણાગત કલ્યાણના માર્ગે વળે તેવી ભાવના વ્યકત કરે છે. ગુરુ શરણાગતની જીવનનૈયાનું સુકાન સંભાળે છે.

શ્રદ્ધા, શરણાગતિનો સંકેત, આદેશ. વ્યકિત-જીવ આશીર્વાદ લઈ જીવનપથ પર ડગ માંડે છે ત્યારે તેણે શ્રદ્ધાપૂર્વક ઈશ્વરની-ઈષ્ટની શરણાગતિ સ્વીકારવી જરૂરી છે. શાળામાં પ્રથમ પગલું મૂક્યું ત્યારથી કારકિર્દીના પ્રત્યેક પગલે તેણે શ્રદ્ધા અને શરણાગતિને પોતાના અંતર-અસ્તિત્વમાં ઘૂંટીને ઘોળીને સફળતાના શિખરે પહોંચી શકાય છે.

આશીર્વાદ એટલે પ્રેરણા, શકિત અને ભક્તિ. માતા-પિતા અને ગુરુના હૃદયથી જે કલ્યાણની ભાવનાનો આપણા પર વરસાદ થાય છે તે આપણને પ્રેરણા આપે છે. આપણી શક્તિ બને છે. ભક્તિના પથ પર જવાનો જીવને વિચાર આવે છે. એ તરફ તેની ગતિ થાય છે અને સમયાંતરે ભક્તિના સાતત્યથી તે પ્રભુપ્રાપ્તિ પણ કરી શકે છે.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

વ્યકિતની ભૌતિક અને આધ્યાત્મિક ગતિની શરૂઆત થાય છે. તેને એક પ્રકારનો જોમ જુસ્સો મળે છે. જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત વ્યકિત ગુરુના શરણે માર્ગદર્શન માટે જાય છે ત્યારે તે યાચના કરે છે. માર્ગદર્શનની પ્રતીક્ષા કરે છે તે સહેજ અટકે છે અને પછી આગળ વધે છે.

માનવવેદનાનું ઝીલણ થાય છે. જીવનની, પરિવારની સમસ્યાઓ અંગે માતા-પિતા સાથે ચર્ચા થાય છે. હૈયાવરાળ ઠલવાય છે. માતા-પિતા- ગુરુનું માર્ગદર્શન વ્યકિતમાં આત્મબળનો સંચાર કરે છે.

નિ:સહાયને સહાય કરવાની પ્રેરણા મળે છે. આપણે જે કાર્ય કરીએ છીએ કે કરવા જઈ રહ્યા છીએ તેને આશીર્વાદથી, માર્ગદર્શનથી સમર્થન મળે છે. એ સમર્થન જ આપણું સામર્થ્ય બને છે.

આશીર્વાદ આપણું રક્ષાકવચ છે. આપણી સમસ્યાઓના સમયમાં માતા-પિતાની છત્રછાયા, ગુરુનું માર્ગદર્શન આપણને નિશ્ચિંત બનાવી દે છે. આપણી વ્યથા, ઉચાટ નિર્મૂળ થઈને આપણું મન એકદમ શાંત, સ્વસ્થ અને હળવું બની જાય છે.

આંસુ લૂછવાનું સામર્થ્ય મળે છે. સત્ય, સચ્ચાઈ, પ્રામાણિકતા, નૈતિકતાને પુષ્ટિ મળે છે. માતા-પિતા અને ગુરુના આશીર્વાદ જીવનજંગનું શસ્ત્ર છે. જીતનું શાસ્ત્ર છે. પ્રેમ, પ્રસન્નતા અને પ્રોત્સાહન મળે છે. આધ્યાત્મિક રહસ્યની જિજ્ઞાસા જાગે છે. એ તરફ મન ગતિ કરે છે.

જીવનમાં માતા-પિતા- ગુરુના આશીર્વાદથી શત્રુના પરાજયનો પ્રારંભ થાય છે. કારણ કે સત્ત્વશીલ માર્ગદર્શન આપણા જીવનનું એક છત્ર બની જાય છે. જીવનસંગ્રામમાં જુઠાણું, અસત્ય,કૂડકપટ, છળ માટે એક દીવાલ-અભેદ્ય દીવાલ ઊભી થાય છે, જેથી વ્યકિતનું કોઈ અહિત થતું નથી. મહાભારતના સંગ્રામમાં કૌરવોની દુર્ભાવના સામે કૃષ્ણ એક દીવાલ-ઢાલ હતા, જેને પ્રતાપે પાંડવોનો વિજય થયો.કૌરવોની પ્રત્યેક રણનીતિ પરાજય પામી.

આમ અન્યાય સામે ન્યાયની પ્રાપ્તિ થાય છે. માતા-પિતા -ગુરુનો છલકતો પ્રેમ છે. ગુરુનું માર્ગદર્શન હું અને તું, તું અને હું તરફ ગતિ કરાવે છે. અદ્વૈતભાવની પ્રાપ્તિ કરાવે છે. ગુરુ અને માતા-પિતાના આશીર્વાદ એટલે સ્વયં પરમાત્માના પ્રેમનું પ્રર્વતન. કલમ અજસ્ર બને છે. મા સરસ્વતીની અને મા લક્ષ્મીની કૃપા પણ પ્રાપ્ત થાય છે.

આપણા પોકારનો સ્વીકાર. વિશ્વાસ અને વફાદારીનો સંકેત અને સ્રોત. વ્યકિત કદી કોઈ પ્રત્યે વિશ્વાસઘાત કરવાનું વિચારી શકતો નથી. તેનું આત્મીયતાભર્યું વર્તન સૌના હૃદયમાં અનોખા વિશ્વાસને પેદા કરે છે. સૌના વિશ્વાસનો એ સ્રોત બને છે. એ વિશ્વાસ જાળવી રાખવાનો સંકેત પણ આપે છે.

જીવનમાં વસંતનો વૈભવ ચારે બાજુથી ફેલાય છે. માધવ મલ્હાર બની સતત વરસતો રહે છે. સૌ પર વરસતો રહે એવી અભ્યર્થના સાથે વિરમું છું.

> **આશીર્વાદ એટલે પ્રેરણા, શકિત અને ભકિત, માતા-પિતા અને ગુરુના હૃદયમાંથી જે કલ્યાણની ભાવનાનો આપણા પર વરસાદ થાય છે તે આપણને પ્રેરણા આપે છે, આપણી શકિત બને છે, ભકિતના પથ પર જવાનો જીવને વિચાર આવે છે, એ તરફ તેની ગતિ થાય છે અને સમયાંતરે ભકિતના સાતત્યથી પ્રભુપ્રાપ્તિ પણ કરી શકે છે**

# અધ્યાત્મ રામાયણ આધારિત
# શ્રીરામ ચરિતમાનસ

પ્રખરવિદ્વાન શ્રીમદ્ ગોસ્વામી તુલસીદાસજી વિરચિત શ્રી રામચરિતમાનસ હિન્દુ સમાજમાં ખૂબ જ માનનીય અને લોકપ્રિય ગ્રંથ છે. શ્રી રામચરિતમાનસની કથાઓ, નિત્ય પારાયણ, અનુષ્ઠાન ઉપરાંત અનેક મંડળો દ્વારા રામચરિતમાનસ અંતર્ગત સુંદરકાંડનો મંગળવાર તથા શનિવારે વ્યક્તિગત કે સમૂહ પાઠ કરવામાં આવે છે. ભગવાન શ્રીરામની કથા શ્રી તુલસીદાસજીએ સરળ, સહજ લોકભાષામાં રજૂ કરી હોવાથી તેની લોકપ્રિયતા વિશેષ છે. શ્રી રામચરિતમાનસ તેમજ સુંદરકાંડની કેટલીક વિશિષ્ટ ચોપાઈઓ આધિ, વ્યાધિ, ઉપાધિ સહિતની મુશ્કેલીઓ, સંકટ અને ભય દૂર કરનારી તેમજ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આત્મકલ્યાણ પ્રદાન કરનારી હોવાની પ્રબળ માન્યતા અને અનુભવને કારણે ભક્તો તેનું વિશેષ પારાયણ, અનુષ્ઠાન અને વિધિ-વિધાનપૂર્વક પાઠ કરતા હોય છે.

શ્રી રામચરિતમાનસનું મૂળ શ્રીમદ્ અધ્યાત્મ રામાયણ છે. ભગવાન શ્રીરામની પરમ પવિત્ર ગાથા સાક્ષાત્ ભગવાન શંકરજીએ આદિશક્તિ તથા ભક્તવત્સલા પાર્વતીજીએ શ્રીરામતત્ત્વ અંગે વિનયપૂર્વક પ્રશ્ન કરતા જે ગુઢ રહસ્યનું વર્ણન કર્યું હતું, તે અધ્યાત્મ રામાયણ નામે પ્રસિદ્ધ થયું. આ આખ્યાન ‘બ્રહ્માંડ પુરાણ’ના ઉત્તરખંડ અંતર્ગત હોવાનું મનાય છે, તેથી તેના રચયિતા મહામુનિ વેદવ્યાસજી માનવામાં આવે છે. તેમાં પરમ રસાયણરૂપ રામચરિત્રનું ડગલે ને પગલે વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ભક્તિ, જ્ઞાન, ઉપાસના, નીતિ અને સદાચાર સંબંધિત દિવ્ય ઉપદેશો આપવામાં આવ્યા છે. વિવિધ વિષયોનું વિવરણ હોવા છતાં મુખ્યત્વે ‘અધ્યાત્મ તત્ત્વ’નું વિશેષ વિવેચન કરવામાં આવ્યું હોવાથી તેનું નામ ‘અધ્યાત્મ રામાયણ’ પડ્યું છે. ઉપદેશની સાથે કથાભાગનું પણ સુંદર વર્ણન છે. ભગવાન શ્રીરામ મૂર્તિમાન અધ્યાત્મતત્ત્વ છે. શ્રી રામચરિતમાનસની કથાનો જેટલો અધ્યાત્મ રામાયણ સાથે મેળ બેસે છે, તેટલો અન્ય કોઈ ગ્રંથ સાથે બેસતો નથી. તેથી પ્રતીત થાય છે કે શ્રી ગોસ્વામી તુલસીદાસજીએ અધ્યાત્મ રામાયણને સર્વાધિક પ્રમાણભૂત ગ્રંથ તરીકે સ્વીકાર્યો છે. ભગવાન શંકરના સ્વપ્નદ્રષ્ટાંતથી ગોસ્વામી તુલસીદાસજીને શ્રી રામચરિતમાનસની રચના કરવાની પ્રેરણા મળી હતી.રામગીતા પણ પ્રાચીન ગ્રંથોમાં સ્થાન ધરાવે છે, પરંતુ અધ્યાત્મ રામાયણના ઉત્તરકાંડનો પાંચમો સર્ગ ‘રામગીતા’ તરીકે મુખ્ય મનાય છે. તેના વક્તા ભગવાન સ્વયં શ્રીરામ છે, જ્યારે શ્રોતા તેમના ભાઈ લક્ષ્મણજી છે. સંપૂર્ણ શ્રુતિઓના સારરૂપ રહસ્યનું નિરૂપણ ભગવાન શ્રીરામે લક્ષ્મણજીને કર્યું હતું. રામગીતા ૬૨ શ્લોકોની ઉમા-મહેશ્વર સંવાદરૂપ રચના છે, જે આત્મજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એ વિષયે ફરી ક્યારેક.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

શ્રાદ્ધપક્ષમાં રામગીતાનો ભક્તિપૂર્વક પાઠ કરવાથી તથા બ્રાહ્મણભોજન કરાવવાથી તમામ પિતૃઓને ભગવાન વિષ્ણુના પરમધામમાં સ્થાન મળે છે એવી માન્યતા છે. અધ્યાત્મ રામાયણમાં સુંદરકાંડ છ સર્ગમાં વહેંચાયેલો છે. તે હનુમાનજીના સમુદ્ર પાર કરવા અને લંકામાં પ્રવેશથી શરૂ થાય છે. તેમાં હનુમાનજી અને રાવણ વચ્ચેનો સંવાદ અત્યંત મહત્વપૂર્ણ છે. હનુમાનજીની વીરતા, વિચક્ષણતા, કુનેહ અને અન્ય અનેક ગુણોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. સુંદરકાંડનો સંપૂર્ણ સાર ત્રણ મુખ્ય ચોપાઈઓમાં સમાયેલો છે, જે પ્રભુ શ્રીરામ અને હનુમાનજીના અતૂટ પ્રેમ, ભક્તિ અને સફળતાના મૂળ તત્ત્વોને ઉજાગર કરે છે. ગોસ્વામી તુલસીદાસજી વિરચિત શ્રી રામચરિતમાનસનો મૂળસાર મર્યાદા, ભક્તિ, જ્ઞાન, ત્યાગ અને સર્વકલ્યાણની ભાવનામાં સમાયેલો છે.

‘બયરુ ન કર કાહૂ સન કોઈ, રામ પ્રતાપ વિષમતા ખોઈ।

સબ નર કરહિં પરસ્પર પ્રીતિ, ચલહિં સ્વધર્મ નિરત શ્રુતિ નીતિ॥’

અર્થાત્, કોઈ પણ વ્યક્તિએ કોઈની સાથે વેર કે દુશ્મની રાખવી નહીં. સૌએ પરસ્પર પ્રેમભાવથી રહેવું અને વેદ તથા ધર્મના નિયમોનું પાલન કરતાં પોતપોતાના કર્તવ્ય અને ધર્મનું નિષ્ઠાપૂર્વક અનુસરણ કરવું. ‘ઈદં ન મમ.’





> **સુંદરકાંડનો સંપૂર્ણ સાર ત્રણ મુખ્ય ચોપાઈઓમાં સમાયેલો છે, જે પ્રભુ શ્રીરામ અને હનુમાનજીના અતૂટ પ્રેમ, ભક્તિ અને સફળતાના મૂળ તત્ત્વોને ઉજાગર કરે છે**